ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.

પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮

Email- forumbhuj.pgvcl@gebmail.com.


કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-004-008-2023-24

માધવ ઓઈલ ઇન્ડસ્ટ્રીઝ

ગામ: પાલારા ,તા ભુજ -કચ્છ................અરજદાર.

વિરુધ્ધ

શ્રી એન જે મે કાર્યપાલક ઈજનેરશ્રી,

પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભુજ -કચ્છ............સામાવાળા.

બાબત:- YMG ની રકમ રદ કરવા અંગે...

અરજદારતરફે:- માધવ ઓઈલ ઇન્ડસ્ટ્રીઝ વતી શ્રી ચાડ ધનજી રવા

સામેવાળાનાતરફે:-

શ્રી એન જે મે કાર્યપાલક ઈજનેર શ્રી ભુજ વિભાગીય કચેરી

કોરમ:

(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન

(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર

સુનાવણીસ્થળ-પીજીવીસીએલ વર્તુળકચેરી ભુજ

તા.: 03/04/૨૦૨૪

# ઠરાવ

૧. અરજદારશ્રી ની રજૂઆત એવી છે કે તેઓ ગામ પાલારા ગામમાં સર્વે નં.૬૬ મધ્યે માધવ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના નામે ગ્રાહક નંબર ૩૧૬૬૪ થી એચ.ટી. વીજ જોડાણ પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ભુજ હેઠળ વીજ કનેક્શન ધરાવે છે.

૨. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર તેઓને જાન્યુઆરીના માસિક બીલમાં આવેલ .૭૬૦૪૦૭/-YMG ચાર્જ આવેલ છે. તે ચેક કરી આપવા પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ભુજને જણાવેલ છે.

૩. અરજદારશ્રીના જણાવ્યાઅનુસાર તેઓએ સદર ફેક્ટરી ૨૦૨૩માં બંધ હતી તેમજ તેઓએ સીઝનલનો લાભ લીધેલ ન હોવા છતાં ભુજ વિભાગીય કચેરી દ્વારા વાય.એમ.જી. ચાર્જ પેટે રૂ.૭૬૦૪૦૭/-જાન્યુ-૨૦૨૪ના બીલમાં લગાડવામાં આવેલ છે.

૪. આમ, અરજદારશ્રીએ તેઓની સદર ફેક્ટરી ૨૦૨૩માં બંધ હોવા છતાં તેમજ તેઓએ સીઝનલનો લાભ લીધેલ ન હોવા છતાં વાય.એમ.જી. ચાર્જ પેટે ભુજ વિભાગીય કચેરી દ્વારા જાન્યુ-૨૦૨૪ના બીલમાં રૂ.૭૬૦૪૦૭/- લગાડવા સામે વાંધો હોઈ તે રકમ રદ કરવા માટે યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

<u>બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.</u>

૫. પીજીવીસીએલ ની ભુજ વિભાગીય કચેરી ખાતે આવેલ ગ્રાહક નંબર ૩૧૬૬૪ થી એચ.ટી. વીજ જોડાણ ગામ પાલારા ગામમાં સર્વે નં.૬૬ મધ્યે મે.માધવ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના નામે છે.

૬. સદર વીજજોડાણમાં માસ જાન્યુ-૨૩ થી સપ્ટે-૨૩ દરમ્યાન સીઝનલ ઓફ આપવામાં આવેલ તેમજ માસ ઓક્ટોબર-૨૩ થી ડીસેમ્બર-૨૩સીઝનલ ઓન હતું જે દરમ્યાન તેમની Maximum Demand ૧૯૭ કે.વી.એ.નોંધાયેલ હતી.

૭. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન બહાર પાડવામાં આવેલ ટેરીફ અનુસાર જે તે વર્ષમાં નોંધાયેલ Maximum Billing Demand * રૂપિયા ૪૫૫૦/- અથવા તો સીઝનલ ઓનના સમયગાળા દરમ્યાન ડીમાન્ડ ચાર્જ + એનર્જી ચાર્જ ની કુલ રકમનો સરવાળો કરતાં આવતી રકમ એમ બંનેમાંથી જે રકમ મહતમ આવે તે ભરવાપાત્ર થાય છે.

૮. આથી વર્ષ -૨૦૨૩ -૨૪ દરમ્યાન રેકર્ડ અનુસાર Maximum બીલીંગ ડીમાન્ડ ૧૯૭ કે.વી.એ. X રૂપિયા ૪૫૫૦/- = રૂપિયા ૮,૯૬,૩૫૦/-થાય તેમજ સીઝનલ ઓનના સમયગાળા દમ્યાન એટલે કે માસ ઓક્ટોબર -૨૦૨૩ થી ડીસેમ્બર-૨૦૨૩ દરમ્યાન ડીમાન્ડ ચાર્જ + એનર્જી ચાર્જની રકમ રૂપિયા ૧,૩૫,૯૪૩/-છે. આથી સદર તફાવતની રકમ એટલે કે રૂપિયા ૭,૬૦,૪૦૭/- વાય.એમ.જી.ચાર્જ પેટે માસ જાન્યુઆરી-૨૦૨૪ના

માસિક વીજ વપરાશના વીજ બીલમાં એચ.ટી.બીલીંગ સિસ્ટમ દ્વારા કંપનીના નિયમાનુસાર અંકારવામાં આવેલ છે.

૯. સદર વીજ કનેક્શનમાં લાગેલ વાય.એમ.જી.ચાર્જ બાબતે મૌખિક રીતે માહિતગાર કરવામાં આવેલ છે તેમજ વિભાગીય કચેરીના પત્ર નં.૯૭૧ તા.૦૮/૦૨/૨૦૨૪થી લેખીત પ્રત્યુતર પણ પાઠવવામાં આવેલ છે.

ફોરમ નુ તારણ

૧૦ બન્ને પક્ષકારો ની રજુઆત જોતા ઉપરોક્ત અરજદારને તેમના એચ.ટી. કનેકશન માં માસ જાન્યુઆરી ૨૦૨૪ ના બીલમાં આવેલ વર્ષ ૨૦૨૩ ની YMG ચાર્જ ની રકમ રૂ ૭૬૦૪૦૭/- આવેલ એ બાબત ની છે.સદરહુ અરજદાર તેમને ૩૦.૧૧.૨૦૨૨ અને તારીખ ૦૬.૦૪.૨૦૨૩ ની અરજીઓ ઉપર થી માસ જાન્યુઆરી ૨૦૨૩ થી માસ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી જે સીઝનલ માટે ની માંગણી કરેલ એ મુજબ તેમને સીઝનલ ટેરીફ નો લાભ આપવામાં આવેલ તેમજ માસ ઓક્ટોમ્બર ૨૦૨૩ થી માસ ડીસેંમ્બર ૨૦૨૩ સીઝનલ ઓન હતુ તેમનુ પત્રકનીચે મુજબ છે.

| Sr.No. | Billing | Billing Year | Contract Demand | Billing Demand | Demand Charge | Unit Consumed | Energy Charge | Total Power Consumed during the Month | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 1 | 2023 | 180 | 0 | 0 | 1022 | 4394.6 | 4394.6 | OFF |
| 2 | 2 | 2023 | 180 | 0 | 0 | 974 | 4188.2 | 4188.2 | OFF |
| 3 | 3 | 2023 | 180 | 0 | 0 | 869 | 3736.7 | 3736.7 | OFF |
| 4 | 4 | 2023 | 180 | 0 | 0 | 1025 | 4407.5 | 4407.5 | OFF |
| 5 | 5 | 2023 | 180 | 0 | 0 | 1308 | 5624.4 | 5624.4 | OFF |
| 6 | 6 | 2023 | 180 | 0 | 0 | 1824 | 7843.2 | 7843.2 | OFF |
| 7 | 7 | 2023 | 180 | 0 | 0 | 1496 | 6432.8 | 6432.8 | OFF |
| 8 | 8 | 2023 | 180 | 0 | 0 | 1935 | 8320.5 | 8320.5 | OFF |
| 9 | 9 | 2023 | 180 | 0 | 0 | 1047 | 4502.1 | 4502.1 | OFF |
| 10 | 10 | 2023 | 180 | 153 | 22950 | 911 | 3644 | 26594 | ON |
| 11 | 11 | 2023 | 180 | 153 | 22950 | 996 | 3984 | 26934 | ON |
| 12 | 12 | 2023 | 180 | 197 | 36435 | 11495 | 45980 | 82415 | ON |

Total consumption recorded on period Rs. 135943
Total Maximum Demand recorded During the year _197 KVA*4550= Rs. 896350
Total YMG charge Rs 760407

આમ ઉપરોક્ત કેસમાં પીજીવીસીએલ તરફથી સદરહુ અરજદાર ને સીઝનલ નો લાભ અરજદારની ઉપરોકત અરજી ઓ અને ટેરીફ સક્યુલર ની નીચે મુજબના નિયમો મુજબકાર્યવાહી કરવામાં આવેલ છે

13.11.2 Any consumer, who desires to be billed for the minimum charges on annual basis shall intimate to that effect in writing at least one month before commencement of billing period about the off-season during which energy consumption, if any, shall be mainly for overhauling of the plant and machinery. The off-season period at any time shall be a

full calendar month/months. The total period of the off-season so declared and observed shall be not less than three calendar months in a calendar year.
13.11.3 The total minimum amount under the head <Demand and Energy Charges= payable by a seasonal consumer satisfying the eligibility criteria under sub-clause 13.11.1 above and complying with provisions stipulated under sub-clause 13.11.2 above shall be Rs. 4550 per annum per kVA of the billing demand.

## -: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.
પીજીવીસીએલ દ્વારા અરજદાર ના વર્ષ ૨૦૨૩ સીઝનલ અને ઓન પીરીયડ ની વપરાશ ને આધારે માસ જાન્યુઆરી ૨૦૨૪ ના બીલમાં લગાડવામાં આવેલ YMG charge   રૂ ૭૬૦૪૦૭/-નિયમ મુજબ અને અરજદાર ને ભરવાપાત્ર છે.

- અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.૦૩/૦૪/૨૦૨૪ ના રોજ જાહેર કર્યો .

| | |
|---|---|
| (આર.જી.કુંપાવત) | (એન.સી.મકવાણા) |
| સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ

નોંધ:
અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- ૩૦માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ)   વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જીલ્લા સેવા સદન -૩ત્રીજો  માળ - બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫